# ઉદ્યોગસાહસિકતા શહેરીજનોની રગેરગમાં



કાપડ મિલોની ચીમનીની પૃષ્ઠભૂમિમાં ૧૯૪૦ના દાયકાનું કાંકરિયા તળાવ સૌજન્યઃ પ્રાણલાલ પટેલ

ભારતના આઇટી ઉદ્યોગસાહસિકે એક વખત કહ્યું હતું કે અમદાવાદમાં મોટી આઇટી કંપની આવતી નથી કારણ કે કર્મચારી થોડાં વર્ષ થાય એટલે પોતાની કંપની શરૂ કરવાનું વિચારે છે. બિન-ગુજરાતીઓ પણ અમદાવાદમાં આવીને નોકરીના બદલે ધંધો કરવાનું, બચત કરવાનું અને એફડીના બદલે શેરબજારમાં રોકાણ કરવાનું શીખી જાય છે. અહીંની જમીન, હવા કે પાણીમાં કંઈક એવું છે જે આ સાહસવૃત્તિને પ્રોત્સાહન આપે છે. લગભગ ૬૦૦ વર્ષ અગાઉ ૭ માર્ચ ૧૪૧૧માં સુલતાન અહેમદશાહે શહેરની સ્થાપના કરી ત્યારથી અહીં શહેરે વેપારવાણિજ્યમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. છેક ૧૭મી સદીમાં પણ અહીંના શેઠ શાંતિદાસ ઝવેરીનો પ્રભાવ મુઘલ બાદશાહ શાહજહાં અને ઓરંગઝેબના દરબારમાં જોવા મળતો હતો.

ભારતની પ્રથમ ટેક્સટાઇલ મિલ ૩૦ મે ૧૮૬૧ના રોજ અમદાવાદમાં શેઠ રણછોડલાલ છોટાલાલે શરૂ કરી હતી અને અહેમદાબાદ સ્પિનિંગ એન્ડ વિવિંગ કંપનીની સ્થાપના કરી હતી. શહેરમાં એક પછી એક મિલ આવતી રહી અને ૧૯૦૫ સુધીમાં તો ૩૩ મિલો શરૂ થઈ હતી અને તે વખતના ટેક્સટાઇલના વૈશ્વિક કેન્દ્ર માન્ચેસ્ટરને ટક્કર આપવાનું શહેરના ઉદ્યોગપતિઓએ શરૂ કરી દીધું હતું.

અંગ્રેજ શાસનમાંથી દેશ સ્વતંત્ર થયો અને ગુજરાત રાજ્યની સ્થાપના ૧૯૬૦માં થઈ તે પછી પણ આ પરંપરા ચાલુ રહી. દેશમાં ઇક્વિટી કલ્ટના પિતા ગણાતા ધીરુભાઈ અંબાણીએ અમદાવાદમાં નરોડા ખાતે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડની સ્થાપના કરીને ઉદ્યોગ ક્ષેત્રે પ્રયાણ કર્યું હતું. આજે આ ઔદ્યોગિક સામ્રાજ્યની ગણના વિશ્વની ૧૦૦ સૌથી મોટી કંપનીઓમાં થાય છે. એ જ રીતે સાઇકલ પર વોશિંગ પાવડરના વેચાણથી શરૂઆત કરનાર કરસનભાઈ પટેલે નિરમા બ્રાન્ડ દ્વારા બહુરાષ્ટ્રીય કંપનીને હંફાવી દીધી હતી. વૈશ્વિકીકરણના યુગમાં પણ અહીંની કેમિકલ્સ અને ડાય્ઝ એન્ડ ઇન્ટરમિડિયરિઝ કંપનીઓ ચીનની કંપનીઓ સાથે સફળતાપૂર્વક સ્પર્ધામાં ઊતરી રહી છે. ગુજરાત દેશમાં કેમિકલ્સના કુલ ઉત્પાદનમાં ૫૧ ટકા હિસ્સો ધરાવે છે તેમાં નરોડા, ઓઢવ, નારોલ અને વટવાના સેંકડો ઉદ્યોગસાહસિકોનો હિસ્સો રહ્યો છે.

ભારતના દવા ઉદ્યોગમાં અમદાવાદનો ઉલ્લેખ ફરજિયાત કરવો પડે. આ શહેરમાંથી શરૂ થયેલી કેડિલા, દિશમાન, ઇન્ટાસ, ટોરેન્ટ, ટ્રોઇકા, લિંકન અને ઝાયડસ જેવી કંપનીઓએ દેશ-વિદેશમાં નામના મેળવી છે, જ્યારે હેસ્ટર બાયોસાયન્સિઝ અને ક્લેરિસ લાઇફ સાયન્સ નવા યુગના વેપારમાં પોતાનું સ્થાન સુદૃઢ કરી રહી છે. ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે પણ શહેરે દેશને વાડીલાલ, રસના અને હેવમોર જેવી બ્રાન્ડ્સ આપી છે.

દેશમાં સૌથી ઝડપથી વૃદ્ધિ કરતા ઔદ્યોગિક જૂથમાં જેની ગણના થાય છે તેવા અદાણી જૂથનું મુખ્યમથક પણ અમદાવાદ રહ્યું છે. આજે આ જૂથ ખાદ્ય તેલ, નેચરલ ગેસ, વીજળી અને બંદરો ક્ષેત્રે ઝડપી પ્રગતિ કરી રહ્યું છે.



ભલે અમદાવાદ આજે ભારતનું માન્ચેસ્ટર ગણાતું ન હોય પરંતુ અરવિંદ, આરવી ડેનિમ, ચીરીપાલ અને જિન્દાલ જેવી કંપનીઓ વસ્ત્ર ઉદ્યોગ ક્ષેત્રે પોતાનું કાઠું કાઢી રહી છે. ટેક્નોલોજી ક્ષેત્રે બદલાતા વિશ્વની સાથે શહેરે પણ તાલ મિલાવ્યા છે. સદ્ભાવ એન્જિનિયરિંગ અને કેએચએસ મશીનરીએ પણ શહેરના આ ક્ષેત્રે ઓળખ આપી છે. અમદાવાદની નજીક ટાટા મોટર્સ, મારુતિ, ફોર્ડ મોટર્સ અને પ્યૂઝો જેવી કંપનીઓ આવી રહી છે ત્યારે અહીંના યુવાનો માટે ઓટો એન્સિલિયરી ક્ષેત્રે અઢળક તક ઊભરી રહી છે. ઇન્ફર્મેશન ટેક્નોલોજીના વિશ્વમાં અમદાવાદ સ્થિત ઇ-કોમર્સ કંપની ઇન્ફીબીમે દેશની ટોચની કંપનીઓમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ઉદ્યોગસાહસિકતા ક્ષેત્રે શહેરે દેશને તેની સૌ પ્રથમ શિક્ષણ સંસ્થા આન્ત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ (ઇડીઆઇ) આપી છે. આજે ઉદ્યોગસાહસિકતા માટે તેને રાષ્ટ્રીયસ્તરે સેન્ટર ઓફ એક્સલન્સનો દરજ્જો આપવામાં આવ્યો છે. અન્ય રાજ્યો ઉપરાંત વિદેશોમાં પણ ઉદ્યોગસાહસિકતા દ્વારા સમાજને પગભર બનાવવામાં તે યોગદાન આપી રહી છે.

અર્થતંત્રમાં ખાનગી કંપનીઓનું પ્રભુત્વ વધી રહ્યું છે, ત્યારે યુવાનો અને ભાવિ પેઢીમાં ઉદ્યોગાસાહસિકતાનો વારસો ટકી રહે તે માટે શહેરમાં પ્રયત્નો થઈ રહ્યા છે. આઇક્રિયેટ, અમદાવાદ યુનિવર્સિટી, આઇઆઇએમ-અમદાવાદનું સેન્ટર ફોર ઇનોવેશન, ઇન્ક્યુબેશન અને આન્ત્રપ્રિન્યોરશિપ (સીઆઇઆઇઇ), માઇકા, નિરમા યુનિવર્સિટી જેવી સંસ્થાઓ દેશના ભાવિ ઉદ્યોગપતિઓને તૈયાર કરી રહી છે. એન્જિનિયરિંગના શિક્ષણ માટેની રાજ્યની સર્વોચ્ચ સંસ્થા અમદાવાદ-સ્થિત ગુજરાત ટેક્નિકલ યુનિવર્સિટીએ પણ સ્ટુડન્ડ સ્ટાર્ટ-અપ સપોર્ટ સિસ્ટમ (ફોર એસ) તૈયાર કરી રહી છે, જેથી ઉદ્યોગસાહસિકતા અને ઇનોવેશનની પરંપરા આવનારા દાયકા અને સૈકાઓ સુધી ચાલુ રહે.



## યતીન્દ્ર શર્મા

**એમડી, કેએચએસ મશીનરી**

અમદાવાદ અભિવ્યક્તિ માટે ખૂબ સાનુકૂળ છે, કોઇ પ્રકારનો ભય નથી. જીવનના કોઇ પણ ક્ષેત્રમાં સફળતાની અહીં ઉજવણી કરવામાં આવે છે. વળી કોઇ પણ ઉમદા હેતુઓ માટે લોકો સામેથી આગળ આવે છે. તહેવાર, લગ્ન કે અન્ય પ્રસંગો હોય, સાંસ્કૃતિક ઉત્સવો જેવા પ્રસંગોએ લોકો ભેગા મળીને ઊજવતા હોય છે. થોડા દાયકા અગાઉ ધાર્મિક અને રાજકીય પ્રસંગોએ વધારે ઉજવણી થતી હતી, હવે રમતગમત અને ફૂડ ફેસ્ટિવલ જેવા આયામો ઉમેરાયા છે અને અગાઉની સરખામણીએ ઉજવણી વધારે ભવ્ય બની છે અને મોટા પાયે ઊજવાય છે. હવે તમે જોશો તો સ્વતંત્રતા દિવસ અને પ્રજાસત્તાક દિવસની ઉજવણી પણ વધારે નજરે ચઢે છે. લોકો ઉમદા હેતુઓ માટે પણ આગળ આવે છે. પાછલાં થોડાં વર્ષોથી અમદાવાદમાં ચેરિટી વોક, હેરિટેજ વોક, સાયક્લોથોન અને મેરેથોનનું આયોજન પણ કરવામાં આવે છે. દિવાળી અને રામનવમી અમારા પરિવારના મુખ્ય તહેવારો છે. આ દરમિયાન અમે અભાવમાં જીવતા લોકોને અમારા ઘરે બોલાવીએ છીએ અને તેમને જાતે ભોજન પીરસીએ છીએ. અગાઉ અમે ઉતરાયણ વખતે અમેરિકા સ્થિત અમારા પાર્ટનર્સને બોલાવ્યા હતા. ઉતરાયણની ઉજવણી એમને એટલી ગમી કે હવે તેઓ નિયમિતપણે અમેરિકામાં પણ ઉજવણી કરતા રહે છે. મોટા અને જાણીતા લોકોની સફળતા તો ઊજવાય જ છે પરંતુ સામાન્ય માણસોની નાની-મોટી સફળતા પણ ઊજવાય તેવી કોઇ વ્યવસ્થા ઊભી થાય તેવું કરવું જોઇએ. કોઇ પણ પ્રસંગ ઊજવતી વખતે આપણે ધ્યાન રાખવું જોઇએ કે અન્ય લોકોને તેનાથી મુશ્કેલી ન પડે. વરઘોડા રસ્તા પરથી પસાર થાય ત્યારે વાહનવ્યવહારમાં અડચણ ન થાય તેવી શિસ્ત કેળવવી જોઇએ. દિવાળી વખતે પણ ફટાકડા એવી રીતે ન ફોડવા જોઇએ કે અન્ય લોકોને હાનિ થાય.



## કૌશલ મહેતા

**સીઇઓ, મોટિફ ઇન્ક.**

ઉજવણી આપણા જીવનનું અભિન્ન અંગ છે, આપણા માટે તે ખૂબ જ સહજ છે અને જાહેરમાં તેની અભિવ્યક્તિ કરી શકાય છે. ઉજવણીની મજા બધા ગ્રૂપમાં હોઇએ ત્યારે જ આવે. આ દર્શાવે છે કે આપણને આપણા મિત્રો અને સ્નેહીજનોની વચ્ચે રહેવામાં આનંદ આવે છે. બધા ભેગા થાય, જેટલું મોટું ગ્રૂપ એટલી વધારે મજા. આપણે ગરબામાં જોઇએ છીએ કે ૫,૦૦૦ જેટલા લોકો ભેગા થતા હોય છે. આપણી ઉજવણીઓ પારંપરિક રીતે તહેવાર-આધારિત હોય છે પરંતુ હવે વ્યાવસાયિક ઉજવણીઓ વધી ગઇ છે. કોઇને પ્રમોશન મળે, કંપનીઓ કોઇ સીમાચિહ્ન હાંસલ કરે, ત્યારે પણ ઉજવણી કરવામાં આવે છે. હું ૨૩ વર્ષનો હતો ત્યારથી ૩૩નો થયો ત્યાં સુધીનાં ૧૦ વર્ષ અમેરિકામાં હતો. ત્યાં ઉજવણી કરી શકાતી હતી પરંતુ અહીંનો માહોલ મળતો ન હતો. અમદાવાદમાં તમે ઉત્તરાયણ માણી શકો, તે રીતે તમે ત્યાં ન માણી શકો. ભારત પરત ફરવામાં આ પણ એક મહત્ત્વનું કારણ હતું. નવરાત્રીની ઉજવણી મને સૌથી પ્રિય છે. નવરાત્રીમાં તમે અહીં નાચ્યા પછી તણાવ-મુક્ત થઇ જાવ છો અને થોડા મહિનાઓ માટે ફરી ચેતનવંતા બની જાવ છો. સમય જતાં ઉજવણીમાં પરિવર્તન આવ્યાં છે. પહેલાં ગરબામાં પારંપરિક વાજિંત્રો સાથેનું સંગીત હતું. હવે ઓરકેસ્ટ્રા અને આધુનિક સાઉન્ડ સિસ્ટમ હોય છે. ઉત્તરાણમાં અગાઉ પારંપરિક તુક્કલો હતી, હવે ગુબ્બારા આવ્યા છે.



## જક્ષય શાહ

**એમડી, સાવી ઇન્ફ્રા. લિમિટેડ**

ઉજવણીનો જે જોશ અમદાવાદમાં જોવા મળે, તમને કોઇ પણ શહેરમાં જોવા નહીં મળે. અહીં અન્ય ધર્મોના પર્વો પણ ઉત્સાહપૂર્વક યોજાય છે. તમે નાતાલનો જ દાખલો લો. પશ્ચિમના દેશોમાં ઊજવાતો હોય એટલા જ ઉમંગથી તે અહીં ઊજવાય છે. આ દર્શાવે છે કે અમદાવાદ એક કોસ્મોપોલિટન શહેર બનવા તરફ જઈ રહ્યું છે. આની સાથે પોતાનો વારસો પણ તે જાળવી રહ્યું છે. વર્લ્ડ હેરિટેજ સિટી પણ તે બની રહ્યું છે. અમદાવાદની ઉજવણી નવરાત્રી વગર અધૂરી રહે છે. આ સાથે ખાવાનું અને ફરવાનું પણ અમદાવાદીઓની ઉજવણીનું એક મહત્ત્વનું પાસું છે. અહીં ઉજવણી પર કોઇ રોકટોક નથી હોતી. ઘણી વખત એવું બન્યું છે કે અહીં કોઇ મહત્ત્વનો તહેવાર હોય અને વ્યાવસાયિક કારણોસર મારે બહાર જવું પડ્યું હોય. આવા વખતે કંઇક ચૂકી ગયાનો મને અહેસાસ થયો છે. એક વખત ઉતરાયણ વખતે મારે વિદેશમાં રહેવાનું થયું હતું. આઇ મિસ્ડ ધ ઓકેઝન. એક વખતે દિવાળી વખતે કેટલાક મિત્રો સાથે મારે સાઉથ આફ્રિકા જવાનું થયું હતું. તે વખતે અમે હોટેલમાં તિલક અને દીવા કરીને ઉજવણી કરી હતી. હવે રિવરફ્રન્ટ અમદાવાદના એક મહત્ત્વના કેન્દ્ર તરીકે ઊભરવાનું છે અને તે અમદાવાદની ઓળખ બનશે. હું તો દર રવિવારે રિવરફ્રન્ટ પર સાઇક્લિંગ કરું છું. અમદાવાદીઓને મારે કહેવું છે કે આપણો આ મિજાજ યથાવત્ રાખીએ પણ કેટલીક ઊણપો દૂર કરીએ. અમદાવાદીઓએ ટ્રાફિક સેન્સમાં સુધારો કરવાની ખૂબ જરૂર છે. બેફામપણે લોકો હોર્ન વગાડે છે, લાઇનમાં ઊભા રહીને રાહ જોવાના બદલે વચ્ચે ઘૂસ મારવાની ટેવ હોય છે. રસ્તા ઉપર વયસ્કો કે પછી ગર્ભવતી મહિલાઓની દરકાર પણ થતી નથી. આ બધી બાબતોમાં સુધારાની જરૂર છે.



## આલોક સાંઘી

**ડિરેક્ટર, સાંઘી સિમેન્ટ્સ**

હું છેલ્લાં સાત વર્ષથી અમદાવાદમાં રહું છું. ગરબા વિશે તમે અન્ય રાજ્યમાં હોવ ત્યારે સાંભળ્યું હોય પરંતુ અહીં આવો પછી જ અહેસાસ થાય કે સતત નવ રાત ચાલતું આ પર્વ શું અને કેવું છે. બીજે ક્યાં તમને આવું જોવા મળે? નવરાત્રી અને જન્માષ્ટમી શું છે, એ ખ્યાલ મને અહીં આવ્યા પછી આવ્યો. મારા અહીંના રોકાણ દરમિયાન મેં જોયું કે અમદાવાદીઓ વેપારની સૂઝ ધરાવે છે અને કામ પર ધ્યાન આપતા હોવાની સાથે ખૂબ મોજીલા અને હરવા-ફરવાના શોખીન છે. તમામ વયના લોકોને ખાવાનો, નાચવાનો અને વિવિધ પ્રકારનાં વસ્ત્રો પહેરવાનો ખૂબ શોખ છે. દિવાળી અમારો પારંપરિક તહેવાર છે. અમે આ દરમિયાન ઘર અને ઓફિસ શણગારીએ છીએ અને પરસ્પર શુભકામના પાઠવીએ છીએ. દરેક સમાજની પોતાની આગવી સંસ્કૃતિ હોય છે. ઉજવણીનો પ્રકાર અલગ હોઈ શકે છે પરંતુ આશય તો ઉજવણીનો હોય છે. આપણે ઉજવણી કરતી વખતે એ ધ્યાન રાખવું જોઈએ કે કોઈને ખલેલ પહોંચે નહીં અને આપણે વધુ પડતા ઉત્સાહમાં આવવું ન જોઈએ.